| 000<br>Re-Accredited<br>Grade A by NAAC | **SAURASHTRA UNIVERSITY,UNIVERSITY CAMPUS,** | |
|---|---|---|
| | **UNIVERSITY ROAD, RAJKOT - 360 005** | |
| | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કેમ્પસ | |
| | યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫ | |
| Ph-0281-2578501 | www.saurashtrauniversity.edu | Fax :- 2586983 |


ફાઈનાન્સ સમિતીની એક સભા તા.૦૬–૦૩–૨૦૧૭ ને સોમવાર ના રોજ બપોરના ૪:૦૦ કલાકે સૌરાષ્ટ્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી કાર્યાલય, રાજકોટ ખાતે મળેલ હતી, જેમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલા હતા.

**કાર્યવાહી નોંધ**

| ક્રમ | નામ | હોદો | હાજર / ગેરહાજર |
|---|---|---|---|
| (૧) | ડો.પી.એલ.ચૌહાણ | કુલપતિશ્રી | હાજર |
| (૨) | શ્રી નેહલભાઈ શુકલ | સભ્યશ્રી | હાજર |
| (૩) | ડો.ભાવિનભાઈ કોઠારી | સભ્યશ્રી | ગેરહાજર |
| (૪) | ડો.વિજયભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૫) | ડો.ધરમભાઈ કાંબલીયા | સભ્યશ્રી | હાજર |
| (૬) | ડો.જી.સી.ભીમાણી | સભ્યશ્રી | હાજર |

૧. તા.૧૪–૦૨–૨૦૧૭ ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.
( નોંધ : તા. તા.૧૪–૦૨–૨૦૧૭ ની ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ આ સાથે સામેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે તા.૧૪–૦૨–૨૦૧૭ ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતીની કાર્યવાહી નોંધ મંજુર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨. તા.૧૯–૧૧–૨૦૧૬ થી શરૂ થયેલ કે.કે.પારેખ કોમર્સ કોલેજ, અમરેલીની પરીક્ષા (બી.કોમ/બી.બી.એ. સેમેસ્ટર–૧) શ્રી કામાણી સાયન્સ અને પ્રતાપરાય આટર્સ કોલેજ, અમરેલીમાં ગોઠવવામાં આવેલ પરીક્ષા દરમ્યાન પરીક્ષાઓ શાંતીથી લઈ શકાય તે માટે શ્રી કામાણી સાયન્સ અને પ્રતાપરાય આટર્સ કોલેજ અમરેલીને પોલીસ બંદોબસ્ત પેટે અંદાજે થનાર ખર્ચ રૂા.૧,૨૫,૦૦૦/– ની મંજુરી આપવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી કામાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ અમરેલીને પોલીસ બંદોબસ્ત માટે થનાર અંદાજીત ખર્ચ રૂા.૧,૨૫,૦૦૦/– ની મર્યાદામાં કે.કે.પારેખ કોમર્સ કોલેજને કરેલ દંડની આવકમાંથી મંજુર કરવા અને ભવિષ્યમાં આવી આપાત પરિસ્થિતિ થાય તો અન્ય કોલેજને પણ આ અંગેનો ખર્ચ મંજુર કરવા જે તે સમયે વિચારણા કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સંલગ્ન કોલેજોમાં પરીક્ષા દરમ્યાન પોલીસ બંદોબસ્તની જરૂરીયાત ઉભી થાય કે યુનિવર્સિટી ખાતે પોલીસ બંદોબસ્ત બોલાવવો પડે તો વિના મુલ્યે ફાળવવા રાજય સરકારમાં રજુઆત કરવી.**

3. ભૌતિક શાસ્ત્ર ભવનમાં ચાલતા D.S.T. – FIST Programme ના "Equipment" બજેટ હેડ માં મંજુર થયેલ સાધન Vibrating sample magnetometer ખરીદવા માટે ટેન્ડર થી ભાવો મંગાવી ટેકનીકલ તથા કોમર્સિયલ (પ્રાઈસ) બીડ ખોલતા તેના રોજ-કામ મુજબ Cryogenics Limited , London, UK ના ભાવ L-1 આવેલ છે અને તેના ભારત ખાતેના ઓથોરાઈઝડ એજન્ટ Specialise Instruments Marketing Company, Mumbai છે. રોજકામ મુજબ ૧ નંગ Vibrating sample magnetometer GBP 130500 ના ભારતીય ચલણ મુજબ અંદાજે Rs.1,12,23000/- + Rs.22,45000/- (કસ્ટમ ડ્યુટી, કસ્ટમ ક્લીયરન્સ, લોકલ ટ્રાન્સપોર્ટેશન, ઈન્સ્યુરન્સ નો કુલ ખર્ચ અંદાજે Rs.1,34,68000/- જેટલો થવા જાય છે જે ખર્ચ D.S.T. FIST Programme ના "Equipment" બજેટ હેડ માં મંજુર થયેલ Rs.1,65,00,000/- ની ગ્રાન્ટ માંથી કરવાનો રહેશે અને પાર્ટીને પેમેન્ટ તેની શરતો મુજબ કરવાનું રહેશે.

Vibrating sample magnetometer સાધન ઉપર મુજબ ની વિગતે Cryogenics Limited, London, UK પાસેથી Rs. Rs.1,12,23000/- + Rs.22,45,000/- (કસ્ટમ ડ્યુટી, કસ્ટમ ક્લીયરન્સ, લોકલ ટ્રાન્સપોર્ટેશન, ઈન્સ્યુરન્સ નો કુલ Rs.1,34,68000/- ના ખર્ચ ની મર્યાદા માં વિદેશથી આયાત કરવાની ફાયનાન્સ કમિટી ની મંજૂરી આપવા સાદર વિનંતી છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ભૌતિકશાસ્ત્ર ભવન માટે Vibrating Sample Magnetometer તે માટેની L1 પાર્ટી** Cryogenics Limited London, UK **ના ભારત ખાતેના એજન્ટ Specialise Instruments Marketing Company, Mumbai મારફત ખરીદવા અને તે અંગેનો ખર્ચ GBP 130500 ના ભારતીય ચલણ રૂા.૧,૧૨,૨૩,૦૦૦/– + ૨૨,૪૫,૦૦૦/– (કસ્ટમ ડયુટી, કસ્ટમ કલીયરન્સ, ટ્રાન્સપોર્ટેશન , ઈન્સ્યુરન્સ તથા કલીયરીગ ફોરવર્ડીગ ચાર્જ સહિત કુલ રૂા.૧,૩૪,૬૮,૦૦૦/– DST Fist Programme ના Equipment ના હેડમાંથી મંજુર કરવો. કસ્ટમ કલીયરન્સ તથા કલીયરીગ ફોરવર્ડીગ ચાર્જ માટે ભાવો મંગાવીને કાર્યવાહી કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ટેન્ડર ફાઈનાન્સ સમિતીના સભ્યોની હાજરીમાં ખોલવામાં આવેલ ન હોય સમગ્ર પ્રકરણ ફાઈનાન્સ સમિતીના સભ્યો સમક્ષ ફરીથી મુંકવુ અને તે અનુસાર માન.કુલપતિશ્રીએ નિર્ણય કરવો.**

૪. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બી.એડ./એમ.એડ મધ્યસ્થ પ્રવેશ સમિતી પાસે કામગીર કરવા ઈચ્છીત એજન્સીઓ પાસેથી ઈ–ટેન્ડર દવારા ભાવ મંગાવવામાં આવ્યા હતા, જે ખોલવામાં આવતા આ સાથે જોડેલ પરીશિષ્ટ–૧ મુજબ ખુલ્યા હતા.

ભાવની સરખામણી કરતા ઈન્ફીનીટી ઈન્ફોવે પ્રા.લિ. ના ભાવ ઓછા આવેલ છે, જે ભાવ મંગાવવામાં આવ્યા હતા તેમાં ટેન્ડર મુજબની કામગીરી કરવાનું દર્શાવવામાં આવ્યુ હતું. આવેલ ટેન્ડર પૈકી મેટા–આઈ ટેકનોલોજી પ્રા.લિ. ના ભાવ રૂા.૩૪૪.૮૦ ની સામે ઈન્ફીનીટી ઈન્ફોવે પ્રા.લિ.ના ભાવ

રૂા.૨૦૮/– આવેલ છે. ઈન્ફીનીટી ઈન્ફોવે પ્રા.લિ.ના ભાવ રૂા.૨૦૮/– ઓછા આવેલ છે, વહેચાયેલા ફોર્મ દીઠ રૂા.૨૦૮/– લેખે વર્ક ઓર્ડર આપી તાત્કાલીક પ્રવેશ સમિતીની કામગીરી શરૂ કરાવવા ભલામણ છે.

**આથી ઠરાવવમાં આવે છે કે બી.એડ./એમ.એડ મધ્યસ્થ પ્રવેશ સમિતીની પ્રવેશ પ્રક્રિયાની કામગીરી માટે એડમિશન ફોર્મ માટે પ્રક્રિયા કરવામાં આવે તેટલા ફોર્મ દીઠ રૂા.૨૦૮/– મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી. આ અંગેનો ખર્ચ બી.એડ./એમ.એડ. મધ્યસ્થ પ્રવેશ સમિતીની આવકમાંથી કરવાનો રહેશે.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ટેન્ડર ફાઈનાન્સ સમિતીના સભ્યોની હાજરીમાં ખોલવામાં આવેલ ન હોય સમગ્ર પ્રકરણ ફાઈનાનસ સમિતીના સભ્યો સમક્ષ મુકવું અને તે અનુસાર માન.કુલપતિશ્રીએ નિર્ણય કરવો.**

**ત્યારબાદ અધ્યક્ષશ્રીની પરવાનગીથી નીચેની બાબતો પર વિચારણા કરવામાં આવી.**

૫. બાયોસાયન્સ ભવનમાં યુજીસી ૧૨મી પંચવર્ષિય યોજનાની એન્યુઅલ મેન્ટેનન્સ કોન્ટ્રાકટ ગ્રાન્ટ અંતર્ગત બેકમેન –કોલ્ટર સેન્ટ્રીફુઝના રોટરની ખરીદી સબબ ઓરીજનલ મેન્યફેકચરીગ કું પાસેથી ભાવ મંગાવવામાં આવ્યા હતા. ઉપરોકત આઈટમ બેકમેન–કોલ્ટર સેન્ટ્રીફુજ સાધનનો જ એક કમ્પોનન્ટ –પાર્ટ હોય અને ભવનના મોટાભાગના રીસર્ચ કાર્યોમાં અત્યંત ઉપયોગી સાધન છે માટે રોટરની આવશ્યકતા ઘણી વધી જાય છ, તો ઉપરોકત આઈટમને સ્ટાન્ડર્ડ આઈટમ તરીકે ખરીદ માટે મંજુરી આપવા વિનંતી છે. અત્રે આ માટે નો અંદાજીત ખર્ચ આશરે રૂા.૧,૮૨,૦૦૦/– ( એક લાખ બ્યાંસી હજાર પુરા ) જેટલો થશે તો ઉપરોકત ખર્ચ માટે ફાઈનાન્સ સમિતીની સભામાં બહાલીની અપેક્ષાએ સાદર રજુ.

ઉપરોકત બાબતે ખર્ચ કરવા અને સ્ટાર્ન્ડડ આઈટમ તરીકે ખરીદ કરવાની મંજુરી અર્થે ફાઈનાન્સ સમિતીમાં વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે બાયો સાયન્સ ભવનનાં બેકમેન –કોલ્ટર સેન્ટ્રીફુજ ઈન્સ્ટ્રુમેન્ટનો પાર્ટ Standard Item તરીકે ખરીદ કરવા મંજુરી આપવા અને તે અંગેનો ખર્ચ રૂા.૧,૮૨,૦૦૦/– UGC 12th Plan AMC ના હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૬. ભોતિકશાસ્ત્ર ભવનની Equipment, Components, Accessories etc બજેટ હેડમાંથી એક Low Temperature Set-up for Existing LCR Meter ( E4980A ) ખરીદવા માટે ટેન્ડરથી ભાવો મંગાવી ટેકનીકલ તથા કોમર્શિયલ ( પ્રાઇઝ) બીડ ખોલતા તેના રોજકામ મુજબ Mine Instruments Pvt. Ltd. Indore ( M.P.) ના ભાવ L1 આવેલ છે.રોજકામ મુજબ ૧ નંગ Low Temperature Set-up for Existing LCR Meter ( E4980A) નો ભાવ રૂા.૩,૯૨,૫૦૨/– જેટલો થવા જાય છે જે ખર્ચ ભવનની Equipment , Components, Accessories, etc બજેટ હેડમાંથી કરવાનો રહેશે અને પાર્ટીને પેમેન્ટ તેની શરતો મુજબ કરવાનું રહેશે, જેનુ કુલ બજેટ રૂા.૨૦,૦૦,૦૦૦/– છે અને જેનો આજ સુધીનો કુલ ખર્ચ રૂા.૧૧,૭૫,૧૮૨/– થયેલ છે.

ઉપર મુજબની વિગતે એક નંગ Low Temperature Set-up for Existing LCR Meter ( E4980A) ભૌતિકશાસ્ત્ર ભવનની Equipment , Components, Accessories, etc બજેટ હેડમાંથી રૂા.૩,૯૨,૫૦૨/– ની મર્યાદામાં ખરીદવાની ફાયનાન્સ કમીટી સમક્ષ મંજુરી અર્થે સાદર રજુ.

**આથી ઠરાવવામાં આવે છે કે ભૌતિકશાસ્ત્ર ભવન માટે Low Temperature Set-up for Existing LCR Meter ( E4980A) તે માટેની L1 પાર્ટી Mine Instruments Pvt.Ltd. Indore પાસેથી ખરીદવું અને તે અંગેનો ખર્ચ રૂા.૩,૯૨,૫૦૨/– ભૌતિકશાસ્ત્ર ભવનનાં**

**Equipment Components & Accessories ના હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

૭. આંકડાશાસ્ત્ર ભવનમાં વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ એવો SAS નો સોફ્ટવેર ના લાયસન્સ રીન્યુ માટે SAS Institute (India) Pvt. Ltd. પાસે થી ખરીદી કરવાની થતી હોય કુલ ખર્ચ રૂ. ૮,૧૧,૨૦૬ (તમામ પ્રકારના ટેક્ષ સાથે) ફાયનાન્સ સમિતિની સભા તા. ૨૩-૦૧-૨૦૧૭ ના મંજુર કરવામાં આવેલ.

મહારાષ્ટ્ર સરકાર ના નોટિફિકેશન નં : VAT.1516/CR-123/Taxation – 1 તા. ૧૬-૦૯-૨૦૧૬ મુજબ VAT/CST ૫.૫% થી વધીને ૬% થયેલ હોય વધારાનો ખર્ચ રૂ.૩૩૬૬/- સાથે કુલ રકમ રૂ. ૮,૧૪,૫૭૨ ( આઠ લાખ ચૌદ હજાર પાંચસો બવતેર પુરા) UGC 12th Plan ICT ના બજેટ હેઠળ મંજુર કરવો.

**આથી ઠરાવવામાં આવે છે કે આંકડાશાસ્ત્ર ભવન માટેના SAS સોફ્ટવેરનો અગાઉ ફાઈનાન્સ સમિતીની તા. ૨૩–૧–૨૦૧૭ ની મિટીંગમાં મંજુર થયા ઉપરાંતનો વધારાનો ખર્ચ રૂા.૩,૩૬૬/– UGC 12th Plan ICT ના હેડમાંથી મંજુર કરવા સિન્ડીકેટને ભલામણ કરવી.**

**કુલસચિવ**

નં.એકા/ફા.સ./ ૨૮ /૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી કેમ્પસ
યુનિવર્સિટી રોડ
રાજકોટ, તા. ૯– ૩– ૨૦૧૭
પ્રતિ, ફાઈનાન્સ સમિતિના સર્વે સભ્યશ્રીઓ તરફ
<u>નકલ સાદર રવાના :–</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી
(૨) કાર્યાલયના દરેક વિભાગના વડાઓ તરફ
(૩) યુનિવર્સિટી ભવનના અધ્યક્ષશ્રી તરફ

3 March 2017 3.00 pm

આજ રોજ તા ૩/૩/૨૦૧૭, બપોરે ૩.૦૦ કલાકે, યુનિ. ની આયોજન ભવનના રૂમ Pre Bid માં નક્કી નિયમ અનુસાર ટેન્ડર ખોલવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી.

નિયમાનુસાર Infinity Infoware Pvt Ltd દ્વારા Technical Bid સબમિટ છે. (CC 1677/2016, 2/3/17 University પત્ર). Meta i technology નું technical Bid આવેલ ક્વોલિફાય આરએફપી યુનિ. ના આયોજન વિભાગમાં સબમિટ.

બન્ને કંપની ના technical bid માન્ય કરી આજે ટેન્ડર ખોલવાનો નિર્ણય થયો.

શ્રી નયનભાઈ [illegible] દ્વારા online financial bid ખોલતા નીચે મુજબ ભાવ આવેલા છે.

| | |
|---|---|
| Infinity Infoware Pvt Ltd | 208 Rs |
| Meta.i Tech. Pvt Ltd | 346.8 Rs |

ઉપરોક્ત ભાવને આધારે Infinity Infoware Pvt Ltd કંપનીને કામ આપવા કુલસચિવશ્રીને ભલામણ કરવામાં આવે.

1. ડૉ. [illegible] [signature]
2. ડૉ. નિલેશ [illegible] [signature]
3. શ્રી નયનભાઈ [illegible] N.V. [signature]

કુલસચિવ

હિસાબી ૩૯૩

2 પ્રતિનિધિ Infinity Infoware Pvt Ltd - [signature]